RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 01 * Date: 20.10.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

મધ્ય પ્રદેશ અને પંજાબમાં બે ભીષણ માર્ગ અકસ્માત : કુલ ૨૪ લોકોનાં મોત



ગ્વાલિયરમાં શીતલા માતાના મેળા દરમિયાન અનાજ ભરેલા ટ્રકની બ્રેક ફેઈલ થતાં શ્રદ્ધાળુઓની ભીડમાં ઘૂસી જતાં ૧૫ લોકોના કરૂણ મોત થયા છે


અને ૨૬ ઘાયલ થયા છે. ગુગલ મેપના શોર્ટકટને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. પંજાબમાં પણ ૯ મનરેગા મજૂરો કાર અડફેટે ભોગ બન્યા. સરકારે મૃતકોના પરિવારજનોને કુલ ૬ લાખ અને ઘાયલોને સહાયની જાહેરાત કરી છે. ૮ પોલીસકર્મી સસ્પેન્ડ થયા છેમધ્ય પ્રદેશ અને પંજાબમાં બે ભીષણ માર્ગ અકસ્માત : કુલ ૨૪ લોકોનાં મોતગ્વાલિયર : મધ્ય પ્રદેશનાં ગ્વાલિયરમાં શીતલા માતાનાં મંદિરનાં મેળા દરમિયાન થયેલા ભીષણ માર્ગ અકસ્માતમાં ૧૫ લોકોનાં મોત થયા છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર અનાજ ભરેલુ ટ્રક ગુગલ મેપ્સ દ્વારા સૂચવવામાં આવેલા શોર્ટકર્ટ માર્ગે મંદિરની તરફ પહોંચ્યું હતું. બીજી તરફ પંજાબનાં સંગરુરમાં લહરાગાગા-જાખલ રોડ પર ઝડપથી જતી કારે મનરેગા મજૂરોને કચડી નાખતા ૯ મજૂરોનાં મોત થયા છે. દુર્ઘટના સમયે સડક પર ૨૪ મજૂરો કાર્ય કરી રહ્યાં હતાં.અનાજ ભરેલા ટ્રકની બ્રેક ફેઈલ થઇ જવાનાં કારણે વાહન શ્રદ્ધાળુઓની ભીડમાં ઘૂસી ગયું હતું. જેનાં કારણે ૧૫ લોકોનાં મોત થયા છે અને ઓછામાં ઓછા ૨૬ લોકો ઘાયલ થયા છે. ટ્રક ડ્રાઇવર અને ટ્રક માલિકની ધરપકડ કરી લેવામાં આવી છે. આશંકા દર્શાવવામાં આવી રહી છે કે તેણે ગૂગલ મેપ પર લોકેશન શોધીને શોર્ટ કટ રસ્તાની પસંદગી કરી હતી. આ દરમિયાન મધ્ય પ્રદેશનાં મુખ્યપ્રધાન ડો. મોહન યાદવે આ ઘટના અંગે કડક વલણ અપનાવ્યું છે. કેસમાં બેદરકારી સામે આવ્યા પછી સંબધિત વિસ્તારનાં સીએસપી રવિ ભદૌરિયાને હટાવવાનાં નિર્દેશ આપવામાં આવ્યા છે. ત્રાણ સ્ટેશન હાઉસ ઓફિસર સહિત આઠ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશનાં મૃતકોનાં પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. મુખ્યપ્રધાન મોહન યાદવે મધ્ય પ્રદેશમાં બનેલી ઘટનાનાં મૃતકોનાં પરિવારજનોને ચાર લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને બે લાખ રૂપિયા અને સામાન્ય ઈજા પામેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ચાર જવાનનાં મૃત્યુ, અનેક ઘાયલ

કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે ભીષણ આગ ફાટી નીકળતાં ૪ લોકોના મોત થયા છે અને અનેક ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી હતી. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી. ઘાયલોને વેનરાઈટ અને એડમન્ટન શહેરની હોસ્પિટલોમાં ખસેડાયા છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ તપાસ કરી રહી છે.કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ચાર જવાનનાં મૃત્યુ, અનેક ઘાયલનવી દિલ્હી : કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે લાગેલી ભીષણ આગમાં ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટી કરી હતી. જો કે, જાનહાનિનો ચોક્કસ આંકડો જાહેર નથી કરાયો. આગને કારણે સૈન્ય મથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી.આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બચાવદળો અને અગ્નિશામક કર્મચારીઓએ મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી હતી. ઘાયલોને વેનરાઈટ સહિત એડમન્ટન શહેરની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દીઓની સંખ્યા એટલી વધી ગઈ હતી કે આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ સર્જાયું હતું. અનેક હોસ્પિટલોએ કોડ ઓરેન્જ જાહેર કર્યો હતો. એમ્બ્યુલન્સની અછતને કારણે હેલિકોપ્ટર અને વિમાનો દ્વારા પણ દર્દીઓને અન્ય સારવાર કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યા હતા.

યુક્રેનનો રશિયા પર ૧૦૦૦ ડ્રોનનો મારો પિટર્સબર્ગમાં ઓઈલ ટર્મિનલમાં આગ


યુક્રેને રશિયાના સેન્ટ પિટર્સબર્ગ સહિત ૧૫ પ્રાંતો પર ૧૦૦૦થી વધુ ડ્રોનથી અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. આ હુમલામાં પિટર્સબર્ગના ઓઈલ નિકાસ ટર્મિનલ અને ડેપોમાં ભીષણ આગ લાગી હતી, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અમેરિકાના ટ્રમ્પે રશિયન ઓઈલ મથકો પર હુમલા ન કરવાની સલાહ આપી હોવા છતાં યુક્રેને આ હુમલા કર્યા છે.યુક્રેને રશિયાના પોર્ટ સિટી સેન્ટ પિટર્સબર્ગ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. યુક્રેને સેન્ટ પિટર્સબર્ગ સહિતના રશિયન વિસ્તારો પર એક હજારથી વધુ ડ્રોન છોડયા હતા. આ હુમલા બાદ પિટર્સબર્ગમાં ઓઈલ નિકાસ ટર્મિનલ અને ઓઈલ ડેપોમાં આગ લાગી હતી. અમેરિકા અને યુક્રેન વચ્ચે વધી રહેલી તકરાર સમયે જ યુક્રેન દ્વારા રશિયાના ૧૫ જેટલા પ્રાંતો પર આ હુમલા કરાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીને કહ્યું હતું કે તેઓ હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા ના કરે. જોકે ટ્રમ્પની આ ચેતવણી વચ્ચે જ યુક્રેને રશિયાના ઓઈલ



મથકોને જ સૌથી વધુ નિશાન બનાવીને હુમલા શરૂ કરી દીધા છે. તાજેતરમાં યુક્રેને રશિયા પર કરેલા ૧૦૦૦ ડ્રોન હુમલામાં સૌથી વધુ નુકસાન પોર્ટ સિટી તરીકે ઓળખાતા સેન્ટ પિટર્સબર્ગ શહેરમાં થયું છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જ્યારે અનેક લોકો ઘાયલ થયાના અહેવાલો છે.યુક્રેનના હુમલામાં પિટર્સબર્ગના ઓઈલ ટર્મિનલ અને રુચી ઓઈલ ડેપોમાં ભિષણ આગ લાગી હતી. જેને પગલે રશિયાને ભારે આર્થિક નુકલાન વેઠવુ પડયું હતું. રવિવારે રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે અમારા સુરક્ષાદળોએ રશિયાના ૧૫ જેટલા પ્રાંતમાં યુક્રેન દ્વારા છોડવામાં આવેલા ડ્રોનનો નાશ કર્યો હતો. રશિયા દ્વારા પણ યુક્રેન પર હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના ઝેપોરિઝ્ઝીમાં રશિયાએ કરેલા હુમલામાં એક મહિલાનું મોત નિપજ્યું હતું



આંખની રેટિનાની નીચે ચિપ સેટ કરીને દર્દીઓએ દ્રષ્ટિ પાછી મેળવી



આંખોની રોશની ગુમાવી ચૂકેલા લોકો માટે ફરીથી દુનિયા જોવાની આશા જગાવતી બાયોનિક આઇ ટેકનોલોજીમાં મહત્ત્વની પ્રગતિ થઈ છે. આંખની રેટિનાની નીચે નાની ચિપ સેટ કરીને સ્પેશિયલ કેમેરાવાળાં ચશ્માની મદદથી દૃષ્ટિ સુધારવાના પ્રયાસોને સફળતા મળી છે. આ ટેકનોલોજીની મદદથી ચોક્કસ પ્રકારની આંખની બીમારી ધરાવતા કેટલાક દર્દીઓ અક્ષરો, આંકડા અને શબ્દો વાંચી શક્યા છે. સામાન્ય રીતે આંખની રેટિના લાઈટને ઈલેક્ટ્રિકલ સંકેતોમાં ફેરવે છે. જે ઓપ્ટિક નર્વ દ્વારા મગજ સુધી પહોંચે છે. મગજ તેને દ્રશ્ય તરીકે સમજે છે. રેટિનાના કોષોને નુકસાન પહોંચે ત્યારે દૃષ્ટિ ગુમાવવાની સમસ્યા સર્જાય છે. બાયોનિક આઇ ટેકનોલોજીમાં ખાસ ચશ્માં પર લગાવવામાં આવેલો કેમેરા સામેના સીનને કેપ્ચર કરે છે. પ્રોસેસર તેને ઇન્ફ્રારેડ લાઈટના સંકેતોમાં ફેરવે છે. આંખની રેટિનાની નીચે બેસાડવામાં આવેલી નાની ચિપ આ સંકેતોને ઈલેક્ટ્રિકલ સિગ્નલમાં ફેરવીને રેટિનાના બાકી રહેલા કાર્યક્ષમ કોષોને ઉત્તેજિત કરે છે. આ રીતે વિઝન સંબંધિત માહિતી મગજ સુધી પહોંચે છે.આંખોની રોશની ગુમાવી ચૂકેલા લોકો માટે ફરીથી દુનિયા જોવાની આશા જગાવતી બાયોનિક આઇ ટેકનોલોજીમાં મહત્ત્વની પ્રગતિ થઈ છે. આંખની રેટિનાની નીચે નાની ચિપ સેટ કરીને સ્પેશિયલ કેમેરાવાળાં ચશ્માની મદદથી દૃષ્ટિ સુધારવાના પ્રયાસોને સફળતા મળી છે. આ ટેકનોલોજીની મદદથી ચોક્કસ પ્રકારની આંખની બીમારી ધરાવતા કેટલાક દર્દીઓ અક્ષરો, આંકડા અને શબ્દો વાંચી શક્યા છે.સામાન્ય રીતે આંખની રેટિના લાઈટને ઈલેક્ટ્રિકલ સંકેતોમાં ફેરવે છે. જે ઓપ્ટિક નર્વ દ્વારા મગજ સુધી પહોંચે છે. મગજ તેને દ્રશ્ય તરીકે સમજે છે. રેટિનાના કોષોને નુકસાન પહોંચે ત્યારે દૃષ્ટિ ગુમાવવાની સમસ્યા સર્જાય છે. બાયોનિક આઇ ટેકનોલોજીમાં ખાસ ચશ્માં પર લગાવવામાં આવેલો કેમેરા સામેના સીનને કેપ્ચર કરે છે. પ્રોસેસર તેને ઇન્ફ્રારેડ લાઈટના સંકેતોમાં ફેરવે છે. આંખની રેટિનાની નીચે બેસાડવામાં આવેલી નાની ચિપ આ સંકેતોને ઈલેક્ટ્રિકલ સિગ્નલમાં ફેરવીને રેટિનાના બાકી રહેલા કાર્યક્ષમ કોષોને ઉત્તેજિત કરે છે. આ રીતે વિઝન સંબંધિત માહિતી મગજ સુધી પહોંચે છે.આ ટેકનોલોજીથી મળતી દૃષ્ટિ સામાન્ય આંખ જેવી હોતી નથી. તેનાથી દર્દીઓને વસ્તુઓ ઓળખવામાં અને વાંચવામાં મદદ મળી શકે છે. તેનો ઉપયોગ કરતાં શીખવા માટે દર્દીઓને ટ્રેનિંગની પણ જરૂર પડે છે.



આ વર્ષે નવરાત્રીના શુભારંભે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પ્રેરિત ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા વર્ષોવર્ષ બંન્ને નવરાત્રીમાં નવ દિવસ દરમ્યાન સમૂહમાં ગાયત્રી ચાલીસાનું અનુષ્ઠાન કરવામાં આવે છે તે મુજબનું આયોજન કરાયું હતું જેમાં વિશ્વ કલ્યાણાર્થે સૌને સદ્ બુદ્ધિ ઉજ્જવલ ભવિષ્ય નિરામય જીવન પ્રાપ્ત થાઓ તેવા શુભાશયથી ભક્તિમય વાતાવરણમાં શ્રધ્ધાપૂર્વક શ્રધ્ધાળુઓ બહેનો દ્વારા દરરોજ ૧૨ ગાયત્રી ચાલીસા પાઠ-ગાયત્રી મંત્ર-મહામૃત્યુંજય મંત્ર ભજન-ગીત-આરતી પૂજા-પ્રાર્થના-પ્રસાદ આસો સુદ-૧ તા.૧૧-૧૦-૨૦૨૬ રવિવારથી તા.૧૯-૧૦-૨૦૨૬ સોમવાર નવ દિવસ દરમ્યાન દરરોજ બપોર બાદ ૩-૦૦ થી ૫-૩૦ કામિનીબહેન રાકેશભાઈપટેલ,પહેલોવાસ,નારણપુરા ગામના નિવાસ સ્થાને કરવામાં આવ્યા હતાં અંતમાં અનુષ્ઠાનની પૂર્ણાહુતિ નિમિત્તે તા.૧૯-૧૦-૨૦૨૬ સોમવાર બપોર બાદ ગાયત્રીયજ્ઞ શ્રધ્ધાળુઓની ઉપસ્થિતમાં ભક્તિમય માહોલમાં મનોજભાઈ ત્રિવેદીએ વૈદિક ગાયત્રીમંત્રો-મહામૃત્યુંજય મંત્રોચ્ચાર દ્વારા કરાવ્યો હતો સૌના માટે લાડુ-ફૂલવડીના પ્રસાદનું આયોજન કરેલ હતું અને જ્યોતિ જ્ઞાનરથ દ્વારા નિઃશુલ્ક સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

તંત્રી લેખ

સેન્સેક્સમાં ૧૦૦૦ તો નિફ્ટીમાં ૨૫૦થી વધુ પોઈન્ટનો કડાકો

ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ દિવસે જ જબરદસ્ત કડાકો જોવા મળ્યો. બપોરના સુમારે સેન્સેક્સ ૧૦૦૦થી વધુ અને નિફ્ટી ૨૫૦થી વધુ પોઈન્ટ ગગડીને ૨૩૦૦૦ની નીચે આવ્યો. ઉઁઙ્ઘઙ્ઘઝ બેન્ક સહિત ખાનગી બેન્કોના નબળા દેખાવ, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને વૈશ્વિક બજારોના નબળા સંકેતોને કારણે રોકાણકારોના અંદાજે ૪ લાખ કરોડ રૂપિયા સાફ થયા.ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ દિવસે જ જબરદસ્ત કડાકો જોવા મળ્યો છે. બજારની શરૂઆત લીલા નિશાન પર થઈ હતી, પરંતુ ત્યારબાદ એવી ભારે વેચવાલી આવી કે બજાર ક્રેશ થઈ ગયું. બપોરના સુમારે સેન્સેક્સ તેની દિવસની ઉચ્ચ સપાટીથી ૧૦૦૦ અંકથી વધુ ગગડી ગયો હતો, જ્યારે નિફ્ટી ૫૦ ૨૫૦થી વધુ પોઈન્ટ તૂટીને ૨૩૦૦૦ની નીચે આવી ગયો હતો.આ અચાનક આવેલા કડાકાના કારણે બોમ્બે સ્ટોક એક્સચેન્જ(મ્જીઈ) પર લિસ્ટેડ કંપનીઓના રોકાણકારોના અંદાજે ૪ લાખ કરોડ રૂપિયા સાફ થઈ ગયા છે. આ સાથે જ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન ૪૭૨ લાખ કરોડ રૂપિયાથી ઘટીને ૪૬૮ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.પ્રાઇવેટ બેન્કોના નબળા દેખાવે બજારની કમર ભાંગી નાખી છે. ઉઁઙ્ઘઙ્ઘઝ બેન્કના શેર લગભગ ૨% ગગડ્યા છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો બાદ નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (ન્રૈંસ) પર દબાણ અને નફાની શિથિલ વૃદ્ધિને કારણે રોકાણકારોમાં ચિંતા ફેલાઈ હતી. આ ઉપરાંત એક્સિસ બેન્ક, કોટક બેન્ક, બજાજ ફિનસર્વ અને બજાજ ફાઇનાન્સમાં પણ ૧.૭૨%થી ૩.૮૦% સુધીનો ઘટાડો નોંધાયો છે.અંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલ(ઝર્ઙ્ઘિીઙ્મ)ના ભાવ ૧૦૮ ડૉલર પ્રતિ બેરલની ઉપર જળવાઈ રહેતા ભારતીય અર્થતંત્ર પર દબાણ વધ્યું છે. ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર હોવાથી મોંઘું ક્રૂડ ઓઇલ દેશના આયાત બિલ અને ફુગાવાને વધારે છે.

ઉજ્જડ પહાડોથી 'સેન્ટર ઓફ એક્સેલન્સ' સુધીઃ સુરતના બલેઠી ગામે સંયુક્ત વન વ્યવસ્થાપન (JFM) ક્ષેત્રે રચ્યો ઇતિહાસ



ગુજરાતમાં સુરત જિલ્લાના માંડવી તાલુકાના આદિવાસી ગામ બલેઠીએ જંગલ સંરક્ષણ અને સંયુક્ત વન વ્યવસ્થાપન (ર્ત્રૈંહં હ્લીજિં સ્ઙ્કહઙ્કજ્રીદ્ધીહં - ત્નહ્લસ) ક્ષેત્રે એક અનોખો અને પ્રેરણાદાયી ઇતિહાસ રચ્યો છે. વર્ષ ૧૯૮૬ થી ૧૯૮૮ દરમિયાન સતત ત્રણ વર્ષના દુષ્કાળના કારણે બલેઠી ગામની આસપાસના જંગલો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. તે સમયે ગામના વડીલ શ્રી જાગુદાદા અને શ્રી કિશોરભાઈ ચૌધરીની આગેવાની હેઠળ ગ્રામજનોએ સ્વયં પોતાના જંગલનું રક્ષણ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. આ ભગીરથ કાર્યને બલેઠી ગામના શ્રી જંગલ પુનઃનિર્માણ અને ગ્રામ વિકાસ સમિતિના પ્રમુખ શ્રી વિનયભાઈ કિશોરભાઈ ચૌધરી અને ગામજનોએ સાથે મળીને આગળ વધારી રહ્યા છે.ગામજનોએ સાથે મળીને બલેઠી ગામના ઐતિહાસિક શાળાના મકાનને પુનઃસ્થાપિત કરીને 'સેન્ટર ઓફ એક્સેલન્સ'તરીકે વિકસાવવાની રજૂઆત વન વિભાગને કરી છે? જેને તાજેતરમાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા અને રાજ્ય મંત્રી શ્રી પ્રવીણ માળીના માર્ગદર્શનમાં શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.આગામી સમયમાં આ 'સેન્ટર ઓફ એક્સેલન્સ' કાર્યરત થવાથી આગામી ૦૫ વર્ષમાં ગુજરાતની ૩,૪૧૪ ત્નહ્લસ સમિતિઓમાંથી ૨,૫૦૦ સમિતિઓના આશરે ૭,૫૦૦ સભ્યોને બલેઠીના અનુભવી ગ્રામજનો દ્વારા જ તાલીમ આપવામાં આવશે.આ પહેલથી રાજ્યના અન્ય ગામને પણ હરિયાળી ક્રાંતિની દિશામાં કામ કરવાની પ્રેરણા અને માર્ગદર્શન મળશે.

કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ચાર જવાનનાં મૃત્યુ, અનેક ઘાયલ

કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે ભીષણ આગ ફાટી નીકળતાં ૪ લોકોના મોત થયા છે અને અનેક ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી હતી. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી. ઘાયલોને વેનરાઈટ અને એડમન્ટન શહેરની હોસ્પિટલોમાં ખસેડાયા છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ તપાસ કરી રહી છે.કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ચાર જવાનનાં મૃત્યુ, અનેક ઘાયલનવી દિલ્હી : કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે લાગેલી ભીષણ આગમાં ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટી કરી હતી. જો કે, જાનહાનિનો ચોક્કસ આંકડો જાહેર નથી કરાયો. આગને કારણે સૈન્ય મથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો



હતો. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી.આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બચાવદળો અને અગ્નિશામક કર્મચારીઓએ મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી હતી. ઘાયલોને વેનરાઈટ સહિત એડમન્ટન શહેરની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દીઓની સંખ્યા એટલી વધી ગઈ હતી કે આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ સર્જાયું હતું. અનેક હોસ્પિટલોએ કોડ ઓરેન્જ જાહેર કર્યો હતો. એમ્બ્યુલન્સની અછતને કારણે હેલિકોપ્ટર અને વિમાનો દ્વારા પણ દર્દીઓને અન્ય સારવાર કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યા હતા.કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને જાણ કર્યા પછી જ જાનહાનિ વિશે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવશે. વેનરાઈટના મેયર બ્રુસ પ્યુએ સ્થાનિક આરોગ્યકર્મીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. મોડી રાત સુધીમાં આગને કાબૂમાં લેવાની કામગીરીમાં પ્રગતિ થઈ હતી અને મિલકતો તથા મહત્વના માળખા સુરક્ષિત હોવાની જાણકારી આપવામાં આવી હતી.વેનરાઈટ સૈન્ય મથક કેનેડાના મુખ્ય તાલીમ કેન્દ્રોમાં એક છે, જ્યાં સૈનિકોને યુદ્ધની પરિસ્થિતિઓ માટે તૈયાર કરવામાં આવે છે. આ દુર્ઘટના અંગે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની અને આલ્બર્ટાના મુખ્ય મંત્રી ડેનિયલ સ્મિથે દુઃખ વ્યક્ત કર્યું હતું. પડોશી પ્રાંત સાસ્કેચેવાને પણ મદદ મોકલવાની તૈયારી દર્શાવી હતી. આગને કારણે અલ્બર્ટામાં યોજાનારા લોકમત પૂર્વેના મતદાન પર પણ અસર પડી હતી અને બે મતદાન મથકો વહેલા બંધ કરાયા હતા.

ધારપુર મેડિકલ કોલેજ ખાતે ભવ્ય નવરાત્રી મહોત્સવઃ બનાસકાંઠા રેન્જ આઈ.જી. પરીક્ષિતા રાઠોડ સાહેબ ની વિશેષ ઉપસ્થિતિ

ધારપુર મેડિકલ કોલેજ ખાતે ઉઁસ્જીછ ત્નહ્લછ દ્વારા નવરાત્રી મહોત્સવનું અત્યંત ભવ્ય અને સાંસ્કૃતિક માહોલમાં આયોજન કરવામાં આવ્યું છે. આ ગરબોત્સવમાં મેડિકલના વિદ્યાર્થીઓ, તબીબો અને સ્ટાફ પરિવાર ભારે ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આ ભવ્ય આયોજનના ગરબા મહોત્સવની સુંદરતા અને ગરિમા વધારવા માટે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ખાસ હાજરી આપી હતી.

નવરાત્રીના નોરતે બનાસકાંઠા રેન્જ આઈ.જી. પરીક્ષિતા રાઠોડ સાહેબ, ડીવાયએસપી શ્રી પંડ્યા સાહેબ અને શ્રી પરેશ રેણુકા સાહેબ કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહ્યા હતા.ડીન શ્રી ડૉ. દિક્ષિત મોઢ સાહેબ , તેમનાં ધર્મપત્ની અને આયોજક સમિતિ દ્વારા રેન્જ



આઈજીનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રેન્જ આઈ.જી. પરીક્ષિતા રાઠોડ,અને મહેમાનો , ફેકલ્ટી ડોક્ટર અને વિધાર્થીઓએ માં અંબેની મહાઆરતી અને પૂજા-અર્ચના કરી હતી તેમજ ઉપસ્થિત ખેલૈયાઓ અને ભાવી તબીબોનો ઉત્સાહ વધાર્યો હતો. શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં તહેવારની ઉજવણી કરવા બદલ કોલેજ પ્રશાસન તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા

આઈ.જી. સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને સંબોધિત કરતા ભાવુકતા સાથે જણાવ્યું કે, ×તેમની દીકરી પણ એક ડોક્ટર છે અને તેઓ હંમેશા ડોક્ટરના વ્યવસાયને ખૂબ જ આદર અને સેવાની ભાવનાથી જુએ છે. આ જ કારણોસર તેઓ પોતાના અત્યંત વ્યસ્ત શિડ્યુલ માંથી સમય કાઢીને ખાસ ડીએમસી ખાતે નવરાત્રિની ઉજવણીમાં સહભાગી થવા આવ્યા છે.× તેમણે સૌ ભાવી ડોક્ટરો ને સારી કારકિર્દી માટે માતાજી ની કરુપા બની રહે તેવી પ્રાર્થના કરી હતી

મહાનુભાવો ની ગરિમામય ઉપસ્થિતિથી ગ્રાઉન્ડ પર હાજર ખેલૈયાઓમાં અનોખો જોશ જોવા મળ્યો હતો અને મોડી રાત સુધી ખેલૈયાઓ પરંપરાગત ગરબાના તાલે ઝૂમ્યા હતા. આ સફળ આયોજન પાછળ કોલેજના ડીન ડૉ. દિક્ષિત મોઢ અને વિદ્યાર્થી પાંખ ઉઁસ્જીછ ત્નહ્લછ ના આયોજકો ભક્તેશ પટેલ અને ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી, જે બદલ તમામને બિરદાવવામાં આવ્યા હતા.

ઉચ્ચ પોલીસ અધિકારીઓની આ મુલાકાત ધારપુર મેડિકલ કોલેજ માટે ગૌરવરૂપ બની રહી હતી

સત્યનો જ્યારે વિજય થાય છે અને શસ્ત્રોની પણ પૂજા થાય છે એ દિવસ વિજયાદશમી-દશેરા

નવરાત્રી પછીનો દસમો દિવસ એ માત્ર તહેવાર નથી, તે જીવન જીવવાની કળા છે.નવરાત્રી એટલે નવ રાત સુધી જાગવું, ઉપવાસ કરવો, ગરબા કરવા, માતાજીની આરાધના કરવી. પણ સવાલ એ થાય કે નવ દિવસ આટલી મહેનત કર્યા પછી દસમા દિવસે શું મળે? જવાબ છે - વિજય.

નવરાત્રીમાં આપણે શક્તિ ભેગી કરીએ છીએ અને દશેરા એટલે કે વિજયાદશમીના દિવસે તે શક્તિથી વિજય મેળવીએ છીએ. નવ દિવસ સાધના અને દસમા દિવસે સિદ્ધિ. આથી જ તેને વિજયાદશમી કહેવામાં આવે છે. દસમી તિથિ એટલે વિજયની તિથિ.

આ દિવસને લોકો દશેરા પણ કહે છે. દશેરા એટલે દસ હરા - દસ પ્રકારના પાપ, દસ પ્રકારના અવગુણોને હરાવવાનો દિવસ. આપણા અંદર રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહંકાર, આળસ, હિંસા અને ચોરી - આ દસ દુશ્મનોને હરાવવાનો દિવસ એટલે દશેરા.આ દિવસનું મહત્વ બે મોટી કથાઓમાં છુપાયેલું છે.એક રામની કથા અને બીજી દુર્ગાની કથા. એકમાં રામે રાવણને માર્યો અને બીજીમાં દુર્ગાએ મહિષાસુરને માર્યો. બંને કથાનો સાર એક જ છે - અંતે સત્ય જીતે છે, અહંકાર હારે છે.આપણે બધા જાણીએ છીએ કે ભગવાન રામે સીતાજીને રાવણની લંકામાંથી છોડાવવા માટે યુદ્ધ કર્યું. રાવણ કોણ હતો? ત્રણેય લોકનો વિજેતા, ચાર વેદનો જ્ઞાતા, શિવનો પરમ ભક્ત. પણ તેનામાં એક જ દોષ હતો - અહંકાર. હું જ સૌથી મોટો છું, હું જે કરું તે જ સાચું.

રામ કોણ હતા? વનવાસી, પગમાં ચંપલ પણ નહીં, હાથમાં પથ્થરથી બનાવેલો સેતુ. પણ તેમનામાં નમ્રતા હતી, ધર્મ હતો.

દશેરાના દિવસે રામે રાવણને માર્યો. આ કથા શું શીખવે છે? કે તમારી પાસે ભલે દસ માથા જેટલું જ્ઞાન હોય, સોનાની લંકા હોય, પણ જો તમારામાં અહંકાર હશે તો તમે હારી જશો. અને તમારી પાસે કંઈ જ ન હોય પણ જો ધર્મ હશે તો તમે જીતી જશો. આથી જ દશેરાને અહંકારના દહનનો દિવસ કહેવામાં આવે છે.

બીજી કથા માઁ દુર્ગાની છે.મહિષા સુર નામનો એક રાક્ષસ હતો જેને વરદાન હતું કે કોઈ પુરુષ તેને મારી ન શકે. તેનાથી બધા દેવતાઓ હારી ગયા.ત્યારે બધા દેવતાઓએ પોતાની શક્તિ ભેગી કરીને એક દેવી બનાવી માઁ દુર્ગા.માઁ દુર્ગાએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કર્યું અને દસમા દિવસે તેનો વધ કર્યો. આથી જ નવરાત્રીના નવ દિવસ પછી દસમા દિવસે વિજયાદશમી ઉજવાય છે. આ કથા શું શીખવે છે? કે જ્યારે પુરુષનો અહંકાર વધી જાય, જ્યારે બધા હારી જાય, ત્યારે સ્ત્રીની શક્તિ જ બચાવે છે. સ્ત્રી એ અબળા નથી, સ્ત્રી એ શક્તિ છે.દશેરાના ચાર ગુપ્ત રહસ્યો - જે તમે ક્યારેય નહીં સાંભળ્યા હોય,દશેરાના દિવસે લોકો પોતાના શસ્ત્રોની પૂજા કરે છે. પહેલા રાજાઓ પોતાની તલવારની પૂજા કરતા, આજે ખેડૂત પોતાના હળની,ડોક્ટર પોતાના સ્ટેથોસ્કોપ ની, વિદ્યાર્થી પોતાની પેનની, વેપારી પોતાના કાંટાની, ડ્રાઈવર પોતાની ગાડીની પૂજા કરે છે. કેમ? કારણ કે શાસ્ત્ર કહે છે - જેનાથી તમે રોજી કમાવો છો, તે જ તમારું શસ્ત્ર છે, અને તેની પૂજા કરવી જોઈએ. આ દિવસે શસ્ત્ર પૂજા કરવાથી આખું વર્ષ તે શસ્ત્ર તમને સાથ આપે છે. આ કોઈ અંધશ્રદ્ધા નથી,આ કૃતજ્ઞતા છે.

દશેરાના દિવસે લોકો શમીના વૃક્ષની પૂજા કરે છે અને તેના પાનને સોનું કહીને વહેંચે છે. આની પાછળ મહાભારતની કથા છે. પાંડવો જ્યારે અજ્ઞાતવાસમાં હતા, ત્યારે તેમણે પોતાના શસ્ત્રો શમીના વૃક્ષ પર છુપાવ્યા હતા. દશેરાના દિવસે જ તેમણે તે શસ્ત્રો પાછા લીધા અને વિરાટ નગરની ગાયોને છોડાવી. ત્યારથી શમીની પૂજા થાય છે.અને સોનું વહેંચવું એટલે શું? પહેલા લોકો પાસે સોનું ન હતું, તો શમીના પાનને જ સોનું માનીને વહેંચતા. તેનો અર્થ છે - તારી પાસે જે છે તે બીજાને આપતા શીખ. આપવાથી જ વધે છે. દશેરા એ આપવાનો તહેવાર છે.

આજે ઠેર ઠેર રાવણના મોટા પૂતળા બાળવામાં આવે છે. પણ સાચો રાવણ બહાર નથી, આપણી અંદર છે. રાવણના દસ માથા એ આપણા દસ અવગુણો છે. દશેરાના દિવસે એક પ્રતિજ્ઞા લો - હું મારા અંદરના એક અવગુણને આજે બાળીશ. કોઈ ક્રોધને બાળો, કોઈ લોભને બાળો. તો જ સાચો દશેરા થયો કહેવાય.

બંગાળમાં દશેરાના દિવસે દુર્ગા માતાની મૂર્તિનું વિસર્જન થાય છે. લોકો રડે છે, પણ સાથે સાથે આનંદ પણ કરે છે, કારણ કે માં પિયરથી સાસરે જાય છે. અને બીજી બાજુ, દશેરા એ કોઈ પણ નવું કામ શરૂ કરવા માટે સૌથી શુભ દિવસ માનવામાં આવે છે. આ દિવસે કોઈ મુહૂર્ત જોવાની જરૂર નથી. તેને અબૂઝ મુહૂર્ત કહેવામાં આવે છે. નવી દુકાન, નવું વાહન, નવું ઘર, નવા ખાતા - બધું જ આ દિવસે શરૂ થાય છે. કારણ કે આ દિવસે વિજય નિશ્ચિત છે.દશેરા આપણને ત્રણ વાત શીખવે છે.પહેલી ગમે તેટલો મોટો દુશ્મન હોય હિંમત ન હારવી. રામ પાસે સેના નહોતી, પણ હિંમત હતી. વાંદરાઓની સેના લઈને પણ તે જીતી ગયા.

બીજી સમયનું મહત્વ. રાવણ ખૂબ જ્ઞાની હતો,પણ તે સમયને ઓળખી ન શક્યો. સીતાજીનું હરણ કરવાનો સમય ખોટો હતો. રામે સમયને ઓળખ્યો અને યોગ્ય સમયે યુદ્ધ કર્યું.

ત્રીજી સ્ત્રીનું સન્માન. રાવણનું મૃત્યુ સ્ત્રીના કારણે થયું,મહિષાસુરનું મૃત્યુ સ્ત્રીના કારણે થયું.જે સમાજ માં સ્ત્રીનું સન્માન નથી થતું, તે સમાજનો વિનાશ નિશ્ચિત છે.

ગુજરાતમાં દશેરા એટલે ગરબાનો છેલ્લો દિવસ. નવ દિવસ ગરબા રમ્યા પછી દસમા દિવસે માતાજીને વિદાય આપવામાં આવે છે. ગામડાઓમાં હજી પણ લોકો પોતાના ખેતરના ઓજારો ધોઈને તેની પૂજા કરે છે. કચ્છમાં આ દિવસે જાટ સમુદાય ઘોડાઓની પૂજા કરે છે.

મોરબીમાં દશેરા એટલે દરબારગઢ માં શસ્ત્ર પૂજા.ભલે હવે રાજ નથી, પણ રાજવી પરિવાર આજે પણ પોતાના પરંપરાગત શસ્ત્રોની પૂજા કરે છે અને પ્રજાને દર્શન કરાવે છે. આ પરંપરા એ આપણને યાદ અપાવે છે કે આપણે ક્ષત્રિય છીએ એટલે રક્ષા કરનારા.ગઈકાલે રાજ માતાના નિધનથી દરબારગઢમાં શોક છે.

શાસ્ત્ર કહે છે,દરેક દિવસ દશેરા છે. જ્યારે તમે તમારા અંદરના ડરને હરાવો છો, ત્યારે દશેરા છે. જ્યારે તમે કોઈનું ખરાબ કરવાનું છોડી દો છો, ત્યારે દશેરા છે. જ્યારે તમે સત્યના પક્ષે ઉભા રહો છો, ભલે આખી દુનિયા સામે હોય, ત્યારે દશેરા છે.

રાવણ બહાર નથી, રાવણ આપણી અંદર છે. તેને બાળો, અને રામને અંદર પ્રગટાવો.નવરાત્રીના ઉપવાસ પછી હવે વિજયનો સમય છે. ઉઠો, તમારા શસ્ત્રની પૂજા કરો, તમારા કામને વંદન કરો અને નવી શરૂઆત કરો. કારણ કે આજનો દિવસ વિજયનો છે.શમી શમયતે પાપમ્ શમી શત્રુ વિનાશિની। અર્જુનસ્ય ધનુર્ધારી રામસ્ય પ્રિયદર્શિની?

આપ સૌને વિજયાદશમી, દશેરાની હાર્દિક શુભકામનાઓ. તમારા જીવનમાં હંમેશા સત્યનો વિજય થાય, અસત્યનો નાશ થાય, એ જ પ્રાર્થના.અધર્મ પર ધર્મનો, અસત્ય પર સત્યનો, અંધકાર પર પ્રકાશનો વિજયએ જ દશેરા!

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ .બનાસકાંઠા



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG ss No. 213.
વિષય :- નવરાત્રી : શ્રદ્ધાના દીપ.
શીર્ષક :- કનકેશ્વરીની સ્તુતિ.
પ્રકાર :- હરિગીત છંદ.

કનકેશ્વરી ઓ કનક કન્તીસી કામિની,
સિંહેશ્વરી પ્રકૃતિ તું અનંત આ બ્રહમાંડની.

ફૂલોની હું માળા અર્પું, પ્રેમથી સ્વીકારજો,
કડી કડીને ફૂલ સમજી પ્રેમથી હું પરોવાતો.

ભવની ભીડ ભાંગીને તું મટુકી ફોડે પાપની,
કુળની લતાને પુષ્પો અર્પે તે કૃપા છે આપની.

ગાયત્રી તું, સાવિત્રી તું ગીતામાં ગંગા જ્ઞાનની,
તોફાનના તે મધ્ય દરિયે ભક્તની તું તારિણી.

દેવો નમે દાનવ નમે મહેષાસુરની મર્દની,
અમ પામરો તો છાંય લે તારી પવિત્ર ગોદની,

દે રવિ આનંદ દિવસે મેદનીને ખીલવીને,
કનકેશ્વરી ભક્ત જનોને દેય આનંદ સર્વને.

સુરગણો સ્તુતિ રચું હું હોય કોઈ જો ક્ષતિ,
પ્રેમથી સુધારશો ને માફ કરજો વળી મુને.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા 'સ્વજન' (જુનાગઢ)
★★★★★★★
Nog sso no : 229
વિષય :નવરાત્રી :શ્રદ્ધાના દિપકથી પ્રજ્જવલિત સાંસ્કૃતિક વારસો
શીર્ષક : નવે ખંડોમાં ગુંજતી નવરાત્રી
પ્રકાર:ગદ્યશબ્દોઃ ૩૦૦

જગતજનની આદ્યશક્તિ નું સ્વરૂપ ભક્તોની રક્ષા કરી અસુરોનો સંપૂર્ણ સંહાર કરવા સર્વ શક્તિમાન હોઈ આખા જગતમાં પૂજનીય છે. જેથી માતાજીના પૂજન અર્ચન માટે શરદીય નવરાત્રી આસો માસના તહેવારોમાં ભાવિક ભક્તો પૂજાપાઠ ભજન આરતી રાસ ગરબા તથા અનુષ્ઠાનો દર વર્ષે કરીને માતાજીને પ્રસન્ન કરવા અને ધનથી સક્રિય પ્રયત્નો કરે છે.

જગતનું સર્જન,લાલન- પાલન અને વિસર્જનનું કાર્ય પ્રભુએ કરવાનું હોઈ ઉદારતા સાથે સાત્વિક પવિત્ર અને ભોળા આચાર-વિચારવાળા ભક્તોનું રક્ષણ કરવાની તેમની ફરજ પણ ઈશ્વર સદાય સુપેરે નિભાવે છે. કેટલાય આસુરી દુષ્કર્મ કરનારા અધમ દૈતયોને માતાજીએ અસંખ્ય ચેતવણીઓ આપવા છતાં તેઓ સુધરતા ન હોય તેનો સંહાર કરે છે.

નવરાત્રીમાં માતાજીના વિવિધ નવે સ્વરૂપોની આરાધના ભક્તો પોતાપોતાની બુદ્ધિશક્તિ પ્રમાણે કરીને પ્રાર્થના કરીને સંસારરૂપી ભવસાગરમાંથી તેમને હેમખેમ પાર ઉતારવા અરજ કરે છે. આખું વર્ષ ધર્મ,અર્થ,કામ અને મોક્ષ માટે ભટકતા માનવીને દયાળુ જગતપિતા અને કરુણામયી માતાજીના સાત્વિકરીતે બહુ સારી રીતે ઓળખે છે.જેથી નવરાત્રીમાં આપણા નવરંગી સાંસ્કૃતિક વારસાને આનંદઉમંગથી શ્રધ્ધાનો દિપક મનમાં ઉત્તમ ભાવો સાથે જલાવી સુરુચિકર સંગીત સાથે રાસગરબા રમતા ભક્તો પ્રભુને પ્રિય રહે છે.

નાની બાળકીથી પાડીને નવરંગી વસ્ત્રો સાથે ગરબે ઘૂમતી યુવતીઓ સહિત વૃદ્ધાવસ્થાના આરે ઉભેલી સ્ત્રીઓ માતાજીના ગરબા કલાકો સુધી વગર થાકે ઉમંગભેર રમે છે. નવરાત્રી એટલે થાક ભૂલીને ભક્તોનાં ઉરના ઉમંગે શરીરના પ્રત્યેક અંગો- પ્રત્યાંગોને અતુલનીય કસરત કલાત્મક રીતે કરાવનારી કળા એટલે રાસ ગરબા ! જ્યારે ગીત-સંગીતનાં તાલે મનની ભક્તિ સાથે હલૈયાઓનાં તનની શક્તિ દેશ - વિદેશની સરહદો પાર કરીને ધરાને ધ્રુજાવે છે ત્યારે વિદેશોમાં બધે ભારતીય સંસ્કૃતિ છવાઈ જાય છે.

નવરાત્રીમાં ગીત - સંગીતના અનુપમ તલ,લાય અને શબ્દોના ત્રિવેણી સંગમનો સાથિયો રચાય છે. બ્રહ્માંડની જનેતા નવદુર્ગાની નવરાત્રીનો અનુપમ રંગ, સંગનો સાંસ્કૃતિક વારસો અબાલવૃદ્ધ સમગ્ર જીવનમાં પૂજા-અર્ચના સાથે ભક્તિ શક્તિ જગાવીને આખા વર્ષની ચેતના સંચરે છે. જેનાથી જીવન સુમધુર બને છે.
"પ્રપાશી"- પરેશ મ. પાઠક (અમદાવાદ)
★★★★★★★
NO?G SS NO : 382
વિષય : શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : નવ શક્તિઓની આરાધના
રચના : ગદ્ય
શબ્દ : ૩૫૦

શ્રધ્ધાના દીવડા, મા દર્શનની રાત
નવલાં નોરતાં ને નવલી છે રાત

નવરાત્રી એટલે નવ શક્તિઓની આરાધના.
આખું બ્રહ્માંડ વિધવિધ શક્તિઓથી ગૂંથાયેલ છે. આ શક્તિઓ સૂક્ષ્માતિત સ્વરુપે અત્રતત્ર વિરાજમાન છે અને કાર્યરત છે. પ્રકૃતિ અને આ અવિનાશી આત્મશક્તિને શરણે ચરણે રમતાં, એક ભાવ જગતમાં રમણા કરતી સંસ્કૃતિ ઉજાશે છે. આત્મદીપના પરમ ઉજાશે, અંતરમાં એક અનોખો શ્રધ્ધાભાવ પ્રગટે છે. પરમ આદ્યશક્તિ, આ સંસાર તથા બ્રહ્માંડને, અનેક સ્વરૂપે જગત જનની થઈ ઝુલાવે છે. એનો અહેસાસ થતાં,
ભારતીય સંસ્કૃતિની આગવી પરંપરાની આરાધના એટલે શક્તિ પૂજા.

યા દેવી સર્વ ભૂતેષુ, માતૃ રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ

સમગ્ર પ્રકૃતિને મા ના સ્વરુપે નીહાળીયે તો જાણે આ પૃથ્વી , ચન્દ્ર , સૂર્ય , ગ્રહો, વગેરે માના ગરબે ઘૂમતા હોવાનો ભાસ થાય છે. નભના તારલીયાઓ, જાણે માની આરતીના દીવડાઓ હોય, એવા દિવ્યભાવો અંતરમાં ઝબકે છે. આપણા આ ભાવ, એ જ નવરાત્રી ઉત્સવ.

આસોમાસની આ શરદ નવરાત્રી એટલે ઘટ સ્થાપન,મા દુર્ગાનાં પૂજન અર્ચનને આરાધનાની શરૂઆત. શુભ થાજો ને અનિષ્ટ તત્ત્વોનો નાશ થજો, એ ભાવે શ્રધ્ધાનો પ્રકાશ સર્વત્ર રેલાય છે.

આપણે જેની નિત્ય સ્તુતિ કરીએ છીએ, એ આદ્યશક્તિનાં ત્રણ સ્વરુપો મહાકાલી, મહાસરસ્વતી ને મહાલક્ષ્મીને ભક્તિ આદર સાથે, ષોડશોપચાર પૂજન કરી, આનંદમય ભાવે મહિમા ગાઈએ છીએ. ઘટ સ્થાપન, કે ગરબો કોરાવવો, ઘીનો દિવો, ધૂપ કરી, ફુલ, ચોખાથી માતાજીને, પ્રસન્ન કરવામાં આવે છે.

સાથિયા પૂરાવો દ્વારે ,દીવડા પ્રગટાવો રાજ આજ મારે આંગણે પધારશે
મા અંબામા દઈદઈ તાળી ગાવો રાજ, વાજિંત્રો વગડાવો રાજ
આજ મારે આંગણે પધારશે મા અંબામા

પ્રથમ નોરતેથી માના જુદાજુદા પ્રાગટ્યને વધાવતી આરાધના શરૂ થાય છે. મા શૈલપુત્રી,બ્રહ્મચારિણી, ચંદ્રઘટા, કુષ્મુંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, સિધ્ધદાત્રી ને મહાગૌરી નાં નવ દુર્ગા સ્વરુપોનો મહિમા, ગરબે રમતાં, આરતી સાથે ગવાય છે, માને નૈવેધ અર્પણ થાય છે.

બાવન શક્તિપીઠોની કથાના ભાવો હૈયે રમાડતા, માંડવડીએ, ગરબા નૃત્ય ને રાસની પરંપરા, એ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગઈ છે. નવરાત્રી મહોત્સવમાં, પાવાગઢ મહાકાલી મા,આરાસુર અંબામાતા કે બંગાળની દુર્ગા પૂજા, મા વૈષ્ણવદેવી ને અનેક માતૃસ્વરુપો, ભક્ત ઉરે શ્રધ્ધાની જ્યોતે, સંસ્કારની ધરોહર જીવંત રાખે છે. મેળે માનવ મહેરામણ ઉમટે છે.

માતૃશક્તિનો આ આદરભાવ, ભારતીય સંસ્કૃતિનો અંતર ઉજાશ છે. નવરાત હવે કલા, સંગીત સાથે નવયુગને ગરબે ઘૂમાવે છે, ને સંગમાં શ્રધ્ધાની ભક્તિ હેલે રમાડે છે.

ચૂંદડીમાં ચમક્યા આભલા રે લોલ
મંગલ વરતે માને દીવડે રે લોલ

રમેશ પટેલ'' આકાશદીપ''
★★★★★★★
NOG SS NO : 003
વિષય : નવરાત્રી? શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : શ્રદ્ધાનો ઉત્સવ કે દેખાડાનું પ્રદર્શન?
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૬૯

નવરાત્રી ભારતીય સંસ્કૃતિનું એવું પવિત્ર પર્વ છે, જેમાં શ્રદ્ધા, શક્તિ, ભક્તિ અને સંસ્કારોનો અદભુત સમન્વય જોવા મળે છે. નવરાત્રી એટલે માત્ર નવ રાત્રિ સુધી ગરબા રમવા, આકર્ષક વસ્ત્રો પહેરવા અને આનંદની અભિવ્યક્તિ કરવી એટલું જ નહીં; પરંતુ આ પર્વ શક્તિની આરાધના, આત્મશુદ્ધિ અને સંસ્કૃતિ પ્રત્યેની નિષ્ઠાનું પ્રતીક છે.

પરંતુ આજના સમયમાં નવરાત્રીના બદલાતા સ્વરૂપ સામે એક ગંભીર પ્રશ્ન ઊભો થાય છે. શું આપણે ખરેખર નવરાત્રીની ઉજવણી કરીએ છીએ કે પછી તેને માત્ર દેખાડા અને મનોરંજનનું માધ્યમ બનાવી દીધું છે? આજની યુવા પેઢીમાં કેટલાક લોકો માટે નવરાત્રીનો અર્થ માત્ર અવનવાં અને આકર્ષક વસ્ત્રો પહેરવા, પોતાની સુંદરતા અને ફેશનનું પ્રદર્શન કરવા તથા ગરબાના મેદાનમાં પોતાની અલગ ઓળખ ઊભી કરવા પૂરતો સીમિત થઈ ગયો છે. ઉત્સવની ભવ્યતા વચ્ચે તેની પવિત્રતાનો મૂળ ભાવ ક્યાંક વિસરાતો
આભાર - નિહારીકા રવિયા જાય છે.

વસ્ત્રો વ્યક્તિની પસંદગીનો વિષય છે, પરંતુ દરેક પ્રસંગની પોતાની ગરિમા અને મર્યાદા હોય છે. આધુનિકતાના નામે જ્યારે વસ્ત્રપરિધાનમાં પ્રસંગોચિતતા અને શાલીનતાની અવગણના થાય છે, ત્યારે વિચારવું પડે કે આપણે સંસ્કૃતિને અનુસરી રહ્યા છીએ કે માત્ર ફેશનની સ્પર્ધામાં જોડાઈ રહ્યા છીએ? નવરાત્રીની ઓળખ આપણા વસ્ત્રોના વૈભવથી નહીં, પરંતુ આપણી શ્રદ્ધા, સંયમ અને સંસ્કારોની સુગંધથી થવી જોઈએ.

માતાજીની આરાધના કરવી એટલે માત્ર તેમના સમક્ષ દીવો પ્રગટાવવો નહીં, પરંતુ પોતાના અંતરમાં પણ સદાચારનો દીપ પ્રજ્વલિત કરવો. સાચી ભક્તિ દેખાડામાં નહીં, પણ અંતરની નિષ્ઠામાં વસે છે.

આપણે યાદ રાખવું જોઈએ કે નવરાત્રી એ આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે, કોઈ ફેશન સ્પર્ધા નહીં. ગરબાના તાલ સાથે જો હૃદયમાં ભક્તિનો નાદ ન ગુંજે, તો ઉત્સવનો આત્મા અધૂરો રહી જાય છે.

નવરાત્રીને માત્ર દેખાવનો નહીં, પરંતુ શ્રદ્ધા, શાલીનતા અને સંસ્કારોનો ઉત્સવ બનાવીએ; કારણ કે સંસ્કૃતિનું સાચું ગૌરવ વસ્ત્રોમાં નહીં, પરંતુ આપણા વિચારો અને વર્તનમાં પ્રગટે છે.

મીનાક્ષી રાવલ - સત્યની આંખે (ગાંધીનગર)
★★★★★★★
NOG SS No : 110
વિષય- નવરાત્રી, શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક- 'નવરાત્રી, શ્રદ્ધાપર્વ અને લોકપર્વ'
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૯

આસો માસના શુકલ પક્ષની એકમથી શરૂ કરીને નોમ સુધીના નવ દિવસ એ મા આદ્યશક્તિના નવ સ્વરૂપનું વિશિષ્ટ ભક્તિ પર્વ છે. આ દિવસોમાં શક્તિસ્વરૂપ દુર્ગામાતાની શ્રદ્ધાપૂર્વક પૂજા અને આરાધના થાય છે. માતાજીના નવ સ્વરૂપો એટલે પ્રથમ દિવસે માતા શૈલપુત્રી, બીજા દિવસે માતા બ્રહ્મચારિણી, ત્રીજા દિવસે માતા ચંદ્રઘંટા, ચોથા દિવસે માતા કૂષ્માંડા, પાંચમા દિવસે માતા સ્કન્દમાતા, છઠ્ઠા દિવસે માતા કાત્યાયની, સાતમા દિવસે માતા કાલરાત્રી, આઠમા દિવસે માતા મહાગૌરી અને નવમા દિવસે માતા સિદ્ધિદાત્રી.

નવરાત્રીનો સમય માઈ ભક્તો માટે અતિ મહત્વનો ગણાય છે. વિધિવત શક્તિ પૂજા અને આરાધનાનું આયોજન થાય છે. લોકો પોતાના રહેઠાણના ઘર અને મહોલ્લા-સોસાયટીમાં માના ગરબાની સ્થાપના કરે છે. 'ગરબો' શબ્દ ગર્ભ ઉપરથી આવ્યો મનાય છે. બ્રહ્માંડના પ્રતિક સ્વરૂપ માટીનો ઘડો લઈ તેમાં નક્ષત્રોની સંખ્યા અનુસાર ૨૭ છિદ્રો કરી ગર્ભમાં દીપ પ્રજ્વલિત કરાય છે, જેથી તેને ગર્ભદીપ પણ કહેવાય છે. પહેલા દિવસે ગરબીની સ્થાપના બાદ નવ દિવસ સુધી આ દીવો અખંડ પ્રગટેલો રહે છે જે માતાજીની શક્તિસ્વરૂપ ઉપસ્થિતિ મનાય છે.

નવે રાત્રીઓએ અંબા માની મૂર્તિ અથવા પ્રતિમાની સામે દીપઆરતી થાય, સ્તુતિ થાય અને સુંદર પહેરવેશ ધારણ કરીને શક્તિસ્વરૂપ નારીવૃંદો સુનિયોજિત વર્તુળમાં માતાજીને ફરતે ગરબે ઘૂમે છે. કેટલાંક સ્થળોએ દીપ પ્રગટાવેલ ગરબી માથે લઈને ગરબે ઘૂમતી જગદંબા સ્વરૂપ સ્ત્રીઓ એક અદભુત દિવ્ય દ્રશ્ય ઊભું કરે છે. આને આપણે 'શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો' નહીં તો બીજું શું કહીશું? આ આપણી પૌરાણિક હિંદુ સંસ્કૃતિ છે જેમાં આપણા આરાધ્ય દેવો અને શક્તિસ્વરૂપ મા નવદુર્ગાનું આદરપૂર્વક પૂજન થાય છે અને આપણા જીવનની ઘટમાળમાં શ્રદ્ધાપૂર્વક સામેલ કરાય છે.
ભક્તિભાવથી ભરેલી આ નવલી નવરાત્રી એક તરફ માતાજીના ભક્તો માટે અનોખું શ્રદ્ધાપર્વ બની રહે છે જેમાં બાલુડા બનીને ભક્તો માને શણગારે છે, પૂજે છે અને વિનવે છે. સૌના જીવનમાં આવતા અનિષ્ટોનો નાશ કરવાની માને વિનંતી કરે છે, તો બીજી તરફ આ નવરાત્રીનું પર્વ અનેરો આનંદ અને ઉત્સાહ આપતું લોકપર્વ બની ગયું છે. ગરબા નૃત્ય એ માત્ર ગરબો ન રહેતાં લોકનૃત્યની વ્યાખ્યા સુધી વિસ્તરી ચૂક્યું છે. દરેક ઉંમરના રસિક યુગલો અને યુવાન હૈયાઓ માટે નવરાત્રીનું પર્વ ઝગમગતી રોશની અને ગામઠી તથા કલાત્મક પહેરવેશ સાથે રાસ-ગરબાની રમઝટ માણવાનું લોકપર્વ બની ગયું છે.
નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

રાવણ હજુ જીવે છે — અને એટલે જ રામ પૂજાય છે! (સંત સુરા)

વિજયાદશમી એટલે અસત્ય ઉપર સત્યનો વિજય, પણ દર વર્ષે એક જ પ્રશ્ન થાય — રાવણ ગયા વર્ષે બળ્યો તો આ વર્ષે ક્યાંથી આવ્યો? કારણ કે રાવણ પૂરો બળ્યો કે મર્યો જ નથી!

માણસની અંદર બીજો એક માણસ રાવણ છે!

દસ માથા એટલે દસ વિકાર. દરેક માણસની અંદર રાવણ જીવે છે અને એ હયાત છે. આપણે મેદાનમાં પૂતળું બાળીએ છીએ, પણ ઘરમાં અહંકાર, વાસના અને લોભનો રાવણ સાચવીએ છીએ.

શ્રી વગરનો રાવણ અને નામ વગરનો રાવણ!

રાવણ આગળ કોઈ 'શ્રી' લખતા નથી. રાશિ મુજબ પણ બાળકનું નામ રાવણ પાડતા નથી. આ આપણી સામાજિક નફરત છે. પણ આ નફરતની પાછળ એક મર્મ જાળવી રાખવો જરૂરી છે.

આમ, રાવણ થકી રામ પૂજાય છે. અલબત, રાવણ ન હોત તો રામને કોણ ઓળખત, યુદ્ધ કેમ થાત!? જો રાવણ સીતાહરણ ન કરત, તો રામનો વનવાસ, હનુમાનનું ઉડ્યન, લક્ષ્મણનું બલિદાન, વિભીષણનો ત્યાગ — કશું જ ન થાત. રામ કથા જ ન હોત. રામને ભગવાન બનાવનારી પરીક્ષા લેનાર રાવણ જ હતો. તેથી રાવણ ખલનાયક નથી, પ્રતિનાયક છે — કથા વગરનો રામ અધૂરો છે!

રાવણના સદ્ગુણોને અન્યાય નહિ!

રાવણનો ગુનો ભગવાનની પત્નીને ભગાવી જવા સબબ તળેનો હતો, એમાં કોઈ બે મત નથી. પણ રાવણ ૪ વેદનો જ્ઞાતા હતો. ચારેય વેદ, ઉપનિષદ, જ્યોતિષ, આયુર્વેદ, સંગીત — બધાનો જ્ઞાતા. શિવ તાંડવ સ્તોત્ર આજે પણ મંદિરોમાં ગૂંજે છે. આજના કહેવાતા પંડિતજીઓને ચાર શ્લોકની રૂચા પણ આવડતી નથી, છતાં પોતાને કથિત જગદગુરુ કહેવડાવે છે. જ્ઞાનમાં રાવણ આજના હજારો બની બેઠેલા કહેવાતા પંડિતો કરતાં ચઢિયાતો હતો. તેના સદ્ગુણોને અન્યાય ન થવો જોઈએ.

ગામે ગામ આધુનિક રાવણ

તમારે લંકા જવાની જરૂર નથી. ગામે ગામ આધુનિક રાવણ છે. ફરક એટલો છે કે મૂળ રાવણે એક ભૂલ કરી અને પ્રાયશ્ચિત ભોગવ્યું. આજનો રાવણ રોજ ભૂલ કરે છે અને છાતી ફુલાવે છે. મૂળ રાવણે સીતાને અશોકવાટિકામાં સન્માનથી રાખી, સ્પર્શ ન કર્યો. આજનો રાવણ સન્માન શું, માણસાઈ પણ નથી રાખતો.


તેથી પણ આ વિજયાદશમીએ માત્ર રાવણને ગાળ ન દો. વિચારો — તે બ્રાહ્મણ હતો, વિદ્વાન હતો, વીર હતો, ભક્ત હતો, પણ એક વિકાર — અહંકાર અને વાસનામાં હારી ગયો. આપણે તેના દસ માથામાંથી નવ સારા લઈએ અને એક ખરાબ બાળીએ તો જ દશેરો સાર્થક થશે.

ક્યાં સુધી રાવણને દર વિજયાદશમી ઉપર અધૂરો અને અપૂર્ણ બાળ્યા અને માર્યા કરશો? એક વખત પૂરો બાળો — અંદરના કામ, ક્રોધ, લોભના રાવણને. અને બહારના જ્ઞાની રાવણને યાદ કરીને કહો — તારા જ્ઞાનને વંદન, તારા અહંકારને દહન!જય લંકેશ એટલે જ્ઞાનનો જય, પણ અહંકારનો ક્ષય!

જય શ્રી રામ!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

પાક.માં ૨૦૦ વર્ષ જૂના રામલીલા મંદિરને તોડવાના પ્રયાસ બાદ સીલ કરાયું



પાકિસ્તાનમાં ૨૦૦ વર્ષ જુના રામ લીલા મંદિરને તોડી પાડવાનો પ્રયાસ થયો હતો, જેનો હિન્દુ સંગઠનો દ્વારા ભારે વિરોધ થતા સુરક્ષા વધારવાના બદલે સ્થાનિક પ્રશાસને મંદિરને જ પોતાના કબજામાં લઈ લીધું હતું અને સીલ મારી દીધુ હતું. મંદિર તોડીને કોમર્શિયલ પ્લાઝા તૈયાર કરવાનું આયોજન હતું, જોકે હાલ વિરોધને કારણે આ નિર્ણય પડતો મુકવો પડયો હતો.કપાક.માં ૨૦૦ વર્ષ જૂના રામલીલા મંદિરને તોડવાના પ્રયાસ બાદ સીલ કરાયુંઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં ૨૦૦ વર્ષ જુના રામ લીલા મંદિરને તોડી પાડવાનો પ્રયાસ થયો હતો, જેનો હિન્દુ સંગઠનો દ્વારા ભારે વિરોધ થતા સુરક્ષા વધારવાના બદલે સ્થાનિક પ્રશાસને મંદિરને જ પોતાના કબજામાં લઈ લીધું હતું અને સીલ મારી દીધુ હતું. મંદિર તોડીને કોમર્શિયલ પ્લાઝા તૈયાર કરવાનું આયોજન હતું, જોકે હાલ વિરોધને કારણે આ નિર્ણય પડતો મુકવો પડયો હતો.

તાજેતરમાં જ પાકિસ્તાનની શાહબાજ શરીફ સરકારે જે ખૈબર પ્રાંતમાં ઈમરાન ખાનની પાર્ટીની સરકારને સસ્પેન્ડ કરીને સત્તા પોતાના કબજામાં લઈ લીધી હતી તે પ્રાંતમાં જ આ ઘટના સામે આવી છે. ખૈબરના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લામાં આવેલા રામ લીલા મંદિરને તોડવાનો પ્રયાસ થયો હતો. જોકે વિવાદ વચ્ચે આખરે ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ દ્વારા તેને સીલ કરી દેવામાં આવ્યું હતું, આ મંદિર પર બાદમાં સ્થાનિક પ્રશાસને કબજો કરી લીધો હતો. જે મંદિરને તોડવાનો પ્રયાસ થયો હતો તેને આ જિલ્લાના ૪૦૦ જેટલા હેરિટેજ સ્થળોમાં સામેલ કરવામાં આવ્યું છે. જ ટ્રસ્ટ દ્વારા આ મંદિર પર કબજો કરવામાં આવ્યો તે એવી સંપત્તિઓનું સંચાલન કે વહીવટ કરે છે કે જે ભારતના ભાગલા બાદ હિન્દુઓએ છોડી દીધી હોય અને ભારત આવીને વસી ગયા હોય.

આ જિલ્લામાં અનેક હિન્દુ ધાર્મિક સ્થળો આવેલા છે. તાજેતરમાં જ પાકિસ્તાન માનવ અધિકાર પંચે કહ્યું હતું કે પાકિસ્તાનમાં લઘુમતીઓના અધિકારોનો વારંવાર ભંગ થઈ રહ્યો છે.

શ્રી ઉમિયા બંગ્લોઝ, કુડાસણમાં વિવિધ દશકાની વેષભુષા સાથે ગરબા







પહેલાંના જમાનામાં ફાનસ અને પેટ્રોમેક્સના ઝાંખા અજવાળે તબલાના તાલે મોઢેથી ગરબા ગાઈને નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવતી હતી. ધીરે ધીરે તેમાં પરિવર્તન આવતાં લાઈટની સિરીઝની ઝાકમઝોળ આવી, માત્ર તબલાને બદલે વિવિધ વાજીંત્રો, સાઉન્ડ સિસ્ટમ, મોઢે ગાવાને બદલે ગાયક કલાકારો અને સંગીતકારોની ટીમ આવી, શેરી ગરબાને બદલે પાર્ટીપ્લોટ ક્લચર આવ્યું.

છેલ્લા કેટલાક વર્ષોથી નવરાત્રીમાં જુદી જુદી થીમ પ્રમાણે વેશભૂષા અને અભિનયનો ઉમેરો થયો છે. જાણેકે ગરબો બે ભાગમાં વહેંચાઈ ગયો છે. એક પાર્ટીપ્લોટ ક્લચર જેમાં ગરબા કરતાં મોંઘાદાટ અને અશોભનીય વસ્ત્રો, એક તાલ અને લયમાં ગાવાને બદલે નાના નાના ગ્રુપમાં અલગ અલગ એક્સનમાં ઈનામ મળવાના લક્ષ સાથે કોઈપણ જાતની શ્રદ્ધા કે ભક્તિ વગર ગરબા ગવાય છે. તેમ છતાં કેટલીક સોસાયટીઓ, મહોલ્લાઓ, શેરીઓ અને ગામડાઓએ ગરબામાં આધુનિકતાની સાથે સાથે શ્રદ્ધા -ભક્તિ જાળવી રાખ્યા છે. આવા ગરબામાં બાળકો પણ કોઈપણ જાતના ડર કે ડોળ વિના શાંતિથી પોતાની ઈચ્છા મુજબ, ઉજાગરા કે ખર્ચા વગર નિર્ભયપણે ગરબાનો આનંદ લઈ શકે છે.શ્રી ઉમિયા બંગ્લોઝ, કુડાસણમાં પણ ૧૯૮૦ થી ૨૦૨૫ સુધીમાં દરેક દશકામાં ગરબામાં ક્યા વસ્ત્રો અને આભૂષણોનું ચલણ હતું તે મુજબના વસ્ત્રો પરિધાન કરી, હાથમાં દરેક દશકાનું પોસ્ટર લઈ બહેનોએ સુંદર અભિનય કરી ગરબા ગાયા હતા. ભાઈઓએ દક્ષિણના અન્ના, ક્રિકેટર, ચા વાળો, ચોર ટોળકી જેવા પાત્રો ભજવી સૌને હાસ્યથી તરબોળ કર્યા હતા. નાના ભૂલકા જાણે નાના મોઢે મોટી વાત કહેતા હોય તેમ એક આદર્શ શિક્ષક, સે નો ટુ પ્લાસ્ટિ - પર્યાવરણ બચાવો, શક્તિ સ્વરૂપા માં ખોડિયાર, સ્પાઈડર મેન, પંજાબી નારીના અભિનય કરી આનંદ માણ્યો હતો. અંતે દાતાને હસ્તે નાના બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પ્રોફેસર રમેશ કુમાર રાવતે દિલ્હીમાં ચાંદની ચોકના સંસદ સભ્ય અને CAITના સ્થાપક શ્રી પ્રવીણ ખંડેલવાલની સૌજન્ય મુલાકાત લીધી.

રાજસ્થાનના જયપુર જિલ્લાના ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલના અશોક વિહાર કોલોનીના રહેવાસી, સિક્કિમના ગંગટોકમાં સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને અખિલ ભારતીય ખંડેલવાલ વેશ્યા મહાસભાના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રોફેસર રમેશ કુમાર રાવત, ભારતીય જનતા પાર્ટી (ભ્નઁ) વતી દિલ્હીના યમુના એપાર્ટમેન્ટ્સ ખાતે ચાંદની ચોક લોકસભા મતવિસ્તારના સંસદ સભ્ય, ભાજપના સાચા અને મહેનતુ સૈનિક, ખંડેલવાલ વેશ્યા સમુદાયના રત્ન, લોકોના પ્રિય વ્યક્તિ, હસતા ચહેરા, લોકપ્રિય ભાજપ નેતા, સંત અને સરળ સ્વભાવના, મૈત્રીપૂર્ણ અને મૃદુભાષી વ્યક્તિ, શ્રી પ્રવીણ ખંડેલવાલની સૌજન્ય મુલાકાત લેવા માટે સિક્કિમના ગંગટોકથી દિલ્હી પહોંચ્યા. તેમણે નવરાત્રિ, દશેરા અને આગામી પાંચ દિવસીય પ્રકાશના તહેવાર,



દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.બેઠક દરમિયાન, સિક્કિમના ગંગટોકમાં આવેલી સિક્કિમ પ્રોફેશનલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને ઓલ ઈન્ડિયા ખંડેલવાલ પ્રોસ્ટીટ્યુટ મહાસભાના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રોફેસર રમેશ કુમાર રાવતે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વતી, દિલ્હીમાં કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (ઝ્છૈં) ના રાષ્ટ્રીય મહાસચિવ અને સ્થાપક અને ચાંદની ચોક લોકસભા મતવિસ્તારના સંસદ સભ્ય (સાંસદ) પ્રવીણ ખંડેલવાલને સિક્કિમના રુદ્રાક્ષના ઝાડમાંથી તોડીને પક્ષીની ચાંચમાંથી પડેલા ઓમકાર લખેલા કુદરતી મૂળ પાંચ મુખી રુદ્રાક્ષથી બનેલો હાર, પાઘડી અને ભગવાન બુદ્ધની પ્રતિમા ભેટમાં આપી. તેમણે તેમને નવરાત્રી, દશેરા અને આગામી પાંચ દિવસીય પ્રકાશના તહેવાર, દિવાળીની શુભકામનાઓ પાઠવી અને તેમના આશીર્વાદ માંગ્યા, તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

એ નોંધનીય છે કે કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (ઝ્છૈં) એક અગ્રણી રાષ્ટ્રીય સંગઠન છે જે સમગ્ર ભારતમાં ૯૦ મિલિયનથી વધુ વેપારીઓ અને નાના વ્યવસાયોના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતીય વ્યાપાર સમુદાયને સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી સ્થાપિત, ઝ્છૈં નાના અને મધ્યમ ઉદ્યોગો (જીસ્ઈજ), છૂટક વેપારીઓ અને વેપારીઓના વિકાસ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપતી નીતિઓની હિમાયત કરવામાં મોખરે રહ્યું છે.૪૦,૦૦૦ થી વધુ વેપાર સંગઠનોના વિશાળ નેટવર્ક સાથે, ઝ્છૈં ભારતીય વેપારીઓના અવાજ તરીકે સેવા આપે છે. તે તેમના અધિકારોનું રક્ષણ કરવા, વાજબી વેપાર પ્રથાઓ સુનિશ્ચિત કરવા અને વ્યવસાય-મૈત્રીપૂર્ણ વાતાવરણને પ્રોત્સાહન આપતા નીતિ સુધારાઓને આગળ વધારવા માટે અવિરતપણે કાર્ય કરે છે.







અમદાવાદ : ઈઢોણી આ શબ્દ ક્યાંથી આવ્યો એ તો ખબર નથી પણ એનુ કામ ગોળ છતાં ગણું ઉચ્ચુ છે. વર્ષો પહેલા માટલાની અથવા મજૂરો તગારું માથે ઉચકવા માટે નીચે નક્કામાં કપડાંને મસ્ત ટાઈટ ગોળ વાળી માટલું મુકાતું એ જોયું છે અને વડીલો પાસેથી વાત પણ સાંભળી છે કે,માટલું જવે એટલે કે પાણી ટીપુ ટીપુ છોડે એ માટલું સારુ ગણાંતુ અને કપડાં ને ગોળ વાળીને મુક્યુ હોય એ ભીનું રહે એટલે ગરમીમાં પણ પાણી સરસ ઠંડું પીવા મળે.ફ્રીઝ ની તો ખબર જ નહોતી પછી સમય જતાં સળી જેવી વસ્તુને ગુંથીને ઈઢોણી મળવા લાગી. એની વચ્ચે માટીનાં કાંઠલા આવ્યા એટલે કપડાંનો વીંટો ગયોને માટીનો કાંઠલો આવ્યો. અને એ પછી ગુથેલી ઈઢોણી મોતીથી મઢેલી અને વચ્ચે લાલ લીલો કલર કરે એથી માથે દીપી ઊઠતી પાણી ભરવા કુવે જવું પડતું. સીચીને પાણી ભરતાં.સવારમાં લાકડીનાં લાંબાટેકે ઝુલતી ઈઢોણી લહી ઘરની વહુવારુ પાણી ભરવા જતી ત્યારે ઈઢોણી ને ઝાપટી હાથેથી અને માથે મુકે ઉપર હાંડો અને કાખમાં કળશો.ચાલ તો એવી જાણે હરણી પાણી ભરવા હાલી. વળતાં પાણીભરેલો હાંડો એની માથે કળશો મુકી હાથણીની જેમ રસ્તા ઉપર ચાલતી આવતી હોય.આ હાંડો ને કળશો રોજ ઉટકી ને સોનાં જેવો કરે. તાંબાંના હોય એ પણ ચળકાટ મારતાં હોય. ઘરે આવીને માથેથી બેડલું ઉતારી ઠલવી ને હીઢોણીને એની જગ્યા ઉપર ગોઠવી દે.રીએ છીએ. - વસંત મહેતા (દાદુ)



શ્રી તુળજા ભવાની મંદિર ઉમરેઠ આસો સુદ છઠ માતાજી નો આહવાન ગરબા કરી માતાજી ને પરંપરાગત રીતે ચાચર ચોક માં પધરામણી કરી માતાજીના ગરબા ગવાય છે. ગરબા પત્યા પછી દરેક ભક્તોને દૂધ નો પ્રસાદ આપવામાં આવે છે પછી નોમ નો હવન થાય છે અગિયારસ ના દિવસે આખી રાત માં ના ગરબા ગવાય છે અને બારસે બપોરે માતાજી ને પરંપરાગત રીતે મહાપૂજા તથા ચાચર પૂજા કરી વિદાય આપવામાં આવે છે અને સાંજે દરેક ભક્તો માટે મહાપ્રસાદી કરવામાં આવે છે

ટાંકલીપાડા અને ઇસદર ગામની મુલાકાત દરમિયાન ડાંગ કલેક્ટરશ્રીને ગ્રામજનો દ્વારા વીજળીના પ્રશ્નની રજૂઆત મળતાં તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું

ડાંગ આહવા : તા : ૧૯: ડાંગ જિલ્લાના વહીવટી તંત્રને વધુ ગતિશીલ, પારદર્શી અને લોકાભિમુખ બનાવવાના હેતુસર, તાજેતરમાં જિલ્લા કલેક્ટર શ્રી એન.ડી. પરમારે આહવા તાલુકાના ટાંકલીપાડા અને ઈસદર ગામની મુલાકાત લઈ ગામ લોકો સાથે સીધો સંવાદ સાધી પ્રજાજનોની રજૂઆતો અને પ્રશ્નોના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.આ મુલાકાત દરમિયાન ગ્રામજનો દ્વારા વીજ પુરવઠા તેમજ વીજ સંબધિત વિવિધ પ્રશ્નો અંગે રજૂઆતો કરવામાં આવી હતી.

ગ્રામજનોની રજૂઆતને પગલે પ્રશ્નોના ત્વરિત નિરાકરણ અર્થે કલેક્ટર શ્રી એન.ડી. પરમારે વીજ વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. જેના પ્રતિસાદરૂપે પ્રથમ



ટાંકલીપાડા ગામે દેવરામભાઈ ભોયેના ખેતીવિષયક વીજ જોડાણ માટેનું ટ્રાન્સફોર્મર જર્જરિત સ્ટ્રક્ચર પર હતુ તેની જગ્યા પર નવા ઉભા કરેલ ટ્રક્ચર ઉપર શિફ્ટ કરવામાં આવ્યું છે. તેમજ ટાંકલીપાડા ગાના વારિગૃહના વીજ જોડાણની વીજ લાઈનનું સ્ટ્રક્ચર નમી ગયેલું હતું તેનું યોગ્ય સમારકામ કરી તાણીયા મારીને મજબૂત કરી વધુ સલામત બવાવવામાં આવેલ છે. આ ઉપરાંત ઈસદર ગામે ડિસ્ટ્રિબ્યુશન બોક્સ તૂટેલી તથા જર્જરિત સ્થિતિમાં હતું જેને બદલે તેની જગ્યાએ નવું ડિસ્ટ્રિબ્યુશન બોક્સ લગાવવામાં આવ્યું છે. તેમજ શ્રી સોમાભાઇ બાગુલના ખેતીવિષયક વીજ જોડાણના ટ્રાન્સરોર્મર માંથી અજાણ્યા ઈસમો દ્વારા કોઇલ તેમજ ઓઇલની ચોરી કરવામાં આવી હતી. તેથી તે ટ્રાન્સફોર્મરના બદલી વીજ પુરવઠો પુર્વવત કરવામાં આવ્યો છે. સાથે જોખમી પરિસ્થિતિનું નિવારણ કરી વીજ મળખાની સલામતી તથા વીજ પુરવઠાની વિશ્વનીયતા સુનિશ્ચિત કરવામાં આવી છે..

જનરક્ષકો પોતે જ અસુરક્ષિત! '૧૧૨' સેવાના પાયલટોનું શોષણ, ભવિષ્ય અંધકારમય દેખાતા સરકારીકરણની માગ

ગુજરાતમાં 'ડાયલ ૧૧૨' સેવાના પાયલટો આઉટસોર્સિંગ કંપનીના શોષણ સામે લડી રહ્યા છે. પહેલા ૧૨ કલાકની ફરજના ૧૪,૦૦૦ રૂપિયા મળતા, હવે ૮ કલાકના બહાને પગાર ઘટાડી દેવાયો છે. ૧૦૦ કિલોમીટર દૂર બદલી અને અનિયમિત પગારથી પાયલટો મુશ્કેલીમાં છે. સરકારે આ પ્રોજેક્ટનું સરકારીકરણ કરી પાયલટોનું ભવિષ્ય સુરક્ષિત કરવું જોઈએ તેવી માંગ ઉઠી છે. ગુજરાતની જનતાની ઈમરજન્સી સુરક્ષા માટે ૨૪ કલાક તહેનાત રહેતી 'ડાયલ ૧૧૨' (જનરક્ષક) સેવાના પાયલટ હાલ આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી અને આર્થિક શોષણ સામે લડી રહ્યા છે. એક તરફ, રાજ્ય સરકાર ૧૧૨ પ્રોજેક્ટના પ્રમોશન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે, ત્યારે બીજી તરફ જમીની સ્તર પર રાત-દિવસે એક કરનારા પાયલટના પરિવારોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે.એક તરફ ૧૧૨ પ્રોજેક્ટના પ્રમોશન પાછળ કરોડોનો ધુમાડો, બીજી તરફ પાયલટનું ભવિષ્ય અંધકારમયઅગાઉ ૧૨ કલાકની ફરજ સામે જે પગાર મળતો હતો, તે શિફ્ટ ઘટાડીને ૮ કલાક કરવાના બહાને સીધો ૧૪,૦૦૦ રૂપિયા આસપાસ કરી દેવાયો છે. સપ્ટેમ્બર મહિનાનો પગાર પણ અનિયમિત મળ્યો છે. જૂન મહિનામાં કોઈ પણ જાણ કર્યા વિના વધુ પગાર જમા કરી, જુલાઈમાં એકાએક કોઈ પણ ખુલાસા વગર કાપ મૂકી દેવાતા પાઈલોટોનું બજેટ ખોરવાઈ ગયું છે.માત્ર ૧૪-૧૫ હજારના નજીવા પગારમાં કામ કરતા પાયલટોની ૧૦૦ કિલોમીટર દૂર બદલીમાત્ર ૧૪-૧૫ હજારના નજીવા પગારમાં કામ કરતા આ પાયલટોની ઘરથી ૧૦૦ કિલોમીટર દૂર બદલી કરી દેવામાં આવે છે. બદલી અને નવા ઓર્ડર વચ્ચેના સમયગાળામાં પાયલટોને પગાર વગર બેરોજગાર રહેવું પડે છે. પૂરતા વાહનો ન મળવા અને અમુક જ કર્મચારીઓ પાસે ગેરકાયદે વધારાનું કામ કરાવવાની ફરિયાદો પણ ઉઠી છે. આટલા ઓછા પગારમાં વતનથી દૂર રહીને રૂમ ભાડું અને જમવાનો ખર્ચ કાઢવો કે પરિવારને સાચવવો? તે મોટો સવાલ ઉઠ્યો છે.આઉટસોર્સિંગ કંપનીની જોહુકમી એટલી હદે વધી ગઈ છે કે પોતાની કાયદેસરની માંગણીઓ કે અન્યાય સામે અવાજ ઉઠાવનારા પાયલટોને ૩-૩ મહિના સુધી કોઈ પણ કારણ વગર 'ઓફ ડ્યુટી' કરી દેવામાં આવે છે અને બાદમાં સીધા નોકરીમાંથી હાંકી કાઢવામાં આવે છે.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat